# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં ફસાયેલા ગુજરાતીઓને મદદરૂપ થવા રાજ્યસરકાર કાશ્મીરના વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં
2. પહેલગામ આતંકી હુમલાના મૃતકોને રાજ્યભરમાં શ્રદ્ધાંજલી અપાઈ
3. રાજ્યમાં બે અલગ અલગ અકસ્માતમાં ત્રણ લોકોના મૃત્યુ
4. રાજ્યમાં આગામી પાંચ દિવસ ગરમી વધવાની આગાહી નહીંવત્
5. કેરળમાં યોજાયેલી અખિલ ભારતીય ટેબલ ટેનિસ સ્પર્ધામાં તાપીના A.S.I. જયરાજસિંહ રાઠોડે કાંસ્ય ચંદ્રક જીત્યો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT LJK

જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહ વિમાન માર્ગે રાજ્યમાં પરત લવાશે. ભાવનગરના બે મૃતકના મૃતદેહ અને તેમના ચાર સંબંધીઓને અમદાવાદ સુધી હવાઈ માર્ગે અને ત્યાંથી વાહન દ્વારા તેમને ભાવનગર પહોંચાડાશે. જ્યારે સુરતના એક મૃતકના મૃતદેહ સાથે તેમના છ સંબંધીઓને શ્રીનગરથી દિલ્હી અને ત્યાંથી હવાઈ માર્ગ દ્વારા સુરત પહોંચાડવાની વ્યવસ્થા ગાંધીનગરના સ્ટૅટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટર દ્વારા કરવામાં આવી છે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે ગઈકાલે થયેલા આતંકી હુમલા દરમિયાન, અંદાજે 25 જેટલા ગુજરાતી પ્રવાસીઓ ફસાયા હતા. હવે અન્ય ગુજરાતી પ્રવાસીઓને મદદરૂપ થવા રાજ્યસરકાર કાશ્મીર વહીવટી તંત્ર સાથે સતત સંપર્કમાં છે.

. . . . . . . . . . . .

# SANGHAVI ON JK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જમ્મુ-કાશ્મીર ગયેલા રાજ્યના નાગરિકોને પોતાના વતન પરત લાવવા સૂચનાઓ આપી છે. આતંકી હુમલામાં મૃત્યુ પામેલા રાજ્યના ત્રણ નાગરિકોના મૃતદેહ તેમજ અન્ય પ્રવાસીઓને પરત

લાવવા સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પત્રકારો સાથેની વાતચીતમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ અંગે માહિતી આપી હતી.

## (બાઈટઃ હર્ષ સંઘવી, ગૃહ રાજ્યમંત્રી)

બીજી તરફ ભાવનગરના ધારાસભ્ય જિતુ વાઘાણીએ પહેલગામ આતંકી હુમલા અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું, આ હુમલામાં ભોગ બનનારા ભાવનગરના પિતા-પુત્રના મૃતદેહ તેમના પરિવારને ઝડપથી મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આવતીકાલે મૃતકોના અંતિમ સંસ્કારમાં હાજર રહેશે.

. . . . . . . . . . . .

# JK AMBAJI

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા બાદ અંબાજી મંદિરમાં બનાસકાંઠા S.O.G, ત્વરિત પ્રતિભાવ દળ- Q.R.T., સઘન સુરક્ષા દળ, ડૉગ સ્ક્વૉડ, અંબાજી પોલીસની ટુકડીએ તપાસ હાથ ધરી છે. દરમિયાન અંબાજી મંદિર ટ્રસ્ટમાં ફરજ બજાવતા સુરક્ષાકર્મીઓને પણ સતર્ક રહેવા સૂચનો કરાયા હોવાનું S.O.Gના પોલીસ ઇન્સ્પેક્ટર એ. બી. ધાંધલિયાએ માહિતી આપી હતી.

## (બાઈટઃ એ. બી. ધાંધલિયા)

. . . . . . . . . . . .

# KUTCH ALERT

જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલા બાદ કચ્છ પોલીસે પણ વિશેષ તપાસ અભિયાન હાથ ધર્યું છે. તમામ વાહનોની સઘન ચકાસણી કરવામાં આવી રહી છે... સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.

**(વૉઈસકાસ્ટઃ હેમાંગ પટણી)**

. . . . . . . . . . . .

# PAHELGAON-SHRADHANJALI

રાજ્યભરમાં અનેક સ્થળોએ વિવિધ સંસ્થાઓ દ્વારા પહેલગામમાં થયેલ આતંકી હુમલાના મૃતકોને શ્રદ્ધાંજલી અપાઈ.

છોટાઉદેપુર નગરપાલિકાના સભ્યો હોદ્દેદારો અને કર્મચારીઓ સહિતના લોકોએ મૃતકોને શ્રદ્ધાંજલિ આપી તેમજ આતંકવાદીઓ સામે કડક કાર્યવાહીની માગ સાથે કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

ભાવનગર, બોટાદ, મહીસાગર અને અરવલ્લી જિલ્લાની વિવિધ સંસ્થાઓ દ્વારા પણ આ હુમલાનો વિરોધ કરાયો.

. . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

....................................

# ACCIDENT

રાજ્યમાં આજે બે અલગ અલગ અકસ્માતમાં ત્રણ લોકોના મૃત્યુ થયાના અહેવાલ છે.

દેવભૂમિદ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, ખંભાળિયા- પોરબંદર રાજમાર્ગ પર કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત અને બે લોકો ઈજાગ્રસ્ત થયા છે. એક વ્યક્તિની હાલત નાજૂક જણાતા તેમને વધુ સારવાર માટે જામનગર ખસેડવામાં આવ્યા છે.

પંચમહાલના અમારા પ્રતિનિધિ જણાવે છે, શહેરાના ડેમલી ગામના એક સ્થાનિક પોતાના બે પુત્ર સાથે બાઈક પર રિંછરોટા ગામ પાસેથી પસાર થતા હતા. દરમિયાન સામેથી આવતી બાઈક સાથે ટક્કર થતાં બંને બાઈકચાલકના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ ઘટનામાં ચાર ઈજાગ્રસ્તોને ગોધરાની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ગોધરા તાલુકા પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . .

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે, કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં ફસાયેલા ગુજરાતીઓ અંગે, સરકારના અન્ય કેટલાક નીતિવિષયક નિર્ણયો, જંત્રીના નવા દર ક્યારથી અને કઈ રીતે લાગુ કરાશે, તેમજ ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેઠકમાં ઉનાળા દરમિયાન રાજ્યમાં પાણીની સ્થિતિ અને ટેકાના ભાવે થતી પાકની ખરીદીની સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# HAVAMAN

રાજ્યમાં અત્યારે સરેરાશ મહત્તમ તાપમાન 40 ડિગ્રીથી ઉપર પહોંચી ગયું છે. ત્યારે આગામી પાંચ દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા નહીં મળે તેમ હવામાન વિભાગે જણાવ્યું છે. જોકે, ત્યારબાદ મહત્તમ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

ઉપરાંત આજથી આવતીકાલ સુધી અને 27થી 29 એપ્રિલ સુધી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેમ હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)**

ઉલ્લેખનીય છે કે, ગત 24 કલાકમાં અમરેલી, સુરેન્દ્રનગર અને રાજકોટમાં મહતમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે કચ્છના ભુજ, કંડલા હવાઈમથક, જુનાગઢના કેશોદ, અમદાવાદ, બનાસકાંઠાના ડીસા અને ગાંધીનગરમાં મહત્તમ તાપમાન 42 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

. . . . . . . . . . . .

# SUTRAPADA DABAN

ગીરસોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકામાં આજે ગેરકાયદે દબાણોને તોડી પડાયા. સૂત્રાપાડા કાકરી ગેટથી સૂત્રાપાડા ગામમાં જતા જાહેર માર્ગ પર આવેલી બે હજાર ચોરસ મીટર જગ્યાની જમીન પરથી 25 જેટલી દુકાનોનું દબાણ દૂર કરાયું હતું. આ રીતે તંત્ર દ્વારા 70 લાખ રૂપિયાની કિંમતની જમીન ખૂલ્લી કરાવવામાં આવી છે અને આગામી સમયમાં પણ ગેરકાયદે બાંધકામ સામે ઝૂંબેશ યથાવત્ રહેશે.

. . . . . . . . . . . .

# TRAIN DERAIL

સુરેન્દ્રનગર રેલવે જંક્શન પર આજે સવારે માલગાડીના બે ડબ્બા રેલવે ટ્રેક પરથી ઉતરી ગયા હતા. મળતી માહિતી મુજબ, આ માલગાડી સુરેન્દ્રનગર મથક આવી રહી હતી. દરમિયાન આ ઘટના બની હતી. આ અંગે જાણ થતાં રેલવેના વરિષ્ઠ અધિકારી સહિત ઈજનેરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. માલગાડીની ગતિ ઓછી હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી.

. . . . . . . . . . . .

# POLICE BRONZE MEDAL

તાપીના આસિસ્ટન્ટ પોલીસ ઇન્સ્પેક્ટર- A.S.I. જયરાજસિંહ રાઠોડે અખિલ ભારતીય ટૅબલ ટૅનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. કેરળના કોચી ખાતે યોજાયેલી સ્પર્ધામાં પોલીસ દળ ઉપરાંત કેન્દ્રીય અનામત પોલીસ દળ- C.R.P.F., અર્ધલશ્કરી દળ, ઇન્ટેલિજૅન્સ બ્યૂરો-I.B. સહિતના વિવિધ વિભાગના 500થી વધુ ખેલાડીએ ભાગ લીધો હતો.

મૂળ રાજકોટના વતની અને તાપીના વ્યારા ખાતે કુકરમુન્ડા પોલીસ મથકમાં ફરજ બજાવતા A.S.I. જયરાજસિંહ રાઠોડે ત્રીજું સ્થાન મેળવી કાંસ્ય ચંદ્રક જીત્યો છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પણ તેમને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા છે.

. . . . . . . . . . . .

# FIRE SAFETY SEVA SAPTAAH-DAMAN

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તેમજ દમણ-દીવ અગ્નિશમન વિભાગ દ્વારા અગ્નિશામક સેવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી. તે અંતર્ગત સેલવાસમાં ઔદ્યોગિક અગ્નિ સલામતી પર યોજાયેલી પરિષદમાં 300 જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . . .

# POSHAN PAKHVAADIYU 2025

પોષણ પખવાડિયા 2025 અંતર્ગત અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે અમદાવાદ ગ્રામ્યની પોષણ સંગમ કાર્યશાળા યોજાઇ. મહિલા અને બાળ વિકાસ વિભાગના સચિવના અધ્યક્ષ ધ્યાને યોજાયેલા કાર્યક્રમમાં પ્રોટીનયુક્ત આહાર, ટેક હોમ રાશન, માતૃશક્તિ, બાળશક્તિના લાભ વિષયક જનજાગૃત્તિ પ્રસરાવવા સચિવે અનુરોધ કર્યો હતો.

છોટાઉદેપુર જિલ્લાની એક હજાર 182 આંગણવાડી કેન્દ્રોમાં 7માં પોષણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત પ્રથમ હજાર દિવસ પર ધ્યાન કેન્દ્રિત કરવું, લાભાર્થી મોડ્યુલનો પ્રચાર-પ્રસાર, C-MAM મોડ્યુલ દ્વારા કુપોષણનું વ્યવસ્થાપન, બાળકોમાં સ્થૂળતાને દૂર કરવા સ્વસ્થ જીવનશૈલી જેવી વિવિધ વિષયવસ્તુ પર કાર્યક્રમો યોજાયા.

મહેસાણાના વડનગર ખાતે આંગણવાડી કેન્દ્રોમાં બાળકો માટે વિવિધ સ્પર્ધાઓ યોજીને પોષણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# AADIJATI RASHTRIYA MAHASAMELAN BETHAK

મહારાષ્ટ્રમાં આગામી 27 એપ્રિલે યોજાનારા રાષ્ટ્રીય વૈચારિક એકતા મહાસંમેલનમાં રાજ્યના આઠ લોક નૃત્યો રજુ થશે. ડાંગ, તાપી, ધરમપુર, કપરાડા અને વાંસદામાંથી આ કલાકારો દ્વારા આ લોકનૃત્યોની પ્રસ્તુતિ કરાશે.

આ અંગે  આદિવાસી સમાજ ગુજરાતની રાષ્ટ્રીય મહાસંમેલન કેન્દ્રીય કોરની મીટીંગ સમસ્ત કુકણા સમાજ ભવન વાંસદા ખાતે યોજાઇ, જેમાં આ કલાકારોને લઈ જવાની વ્યવસ્થા અંગે ચર્ચા થઈ હતી,.

આ મહાસંમેલનમાં આદિજાતિની સમસ્યાઓના નિરાકરણ માટે ગુજરાત, મહારાષ્ટ્ર, દાદરા અને નગરહવેલીમાંથી આશરે ચાલીસ હજાર લોકો વિચારોનું આદાન-પ્રદાન તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંસ્કૃતિની આપ-લે કરશે.

. . . . . . . . . . . .